GJJM020160482025

| કેસ આવ્યા તારીખ | ૦૭ | ૧૦ | ૨૦૨૫ |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૦૭ | ૧૦ | ૨૦૨૫ |
| કેસ નિર્ણય તારીખ | ૧૨ | ૦૫ | ૨૦૨૫ |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૭ | ૦૫ |

જામનગરના ત્રીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ(બી.એચ.ગાંધી) સાહેબની કોર્ટમાં - મુકામ જામનગર.

| | | |
|---|---|---|
| ફોજદારી કેસ નં. | : | ૧૧૨૦૦/૨૦૨૫ |
| ગુના રજી.નં. | : | ૧૧૨૦૨૦૫૭૨૫૦૨૩૧, તા.૧૫/૦૫/૨૦૨૫ |
| પો.સ્ટે.નું. નામ | : | સિક્કા પોલીસ સ્ટેશન. |
| આંક | : | ૨૦ |

**ફરીયાદી** :- શ્રી સરકાર.

**ફરીયાદ પક્ષ તર્ફે** :- વિ.એ.પી.પી.કુ.શ્રી.કે.કે.પટેલ.

**વિરૂધ્ધ**

**આરોપી** :- જેહુલભાઇ હીતેનભાઇ વસા,
રહે, ખોડીયાર કોલોની, શ્રી કિષ્ણા એવન્યુ,
ચીત્રકુટ સોસાયટી, જામનગર.

**આરોપી તર્ફે** :- વિ.વ.શ્રી.પી.વી.અનડકટ.

ગુનો :- **ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ.**

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | :- | ૧૫/૦૫/૨૦૨૫ |
| એફ.આઇ.આરની તારીખ | :- | ૧૫/૦૫/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | :- | ૦૭/૧૦/૨૦૨૫ |
| પ્લી લીધાની તારીખ | :- | ૦૬/૧૨/૨૦૨૫ |
| પુરાવા શરૂ કર્યા તારીખ | :- | ૧૩/૦૧/૨૦૨૬ |
| ચુકાદા પર લેવાની તારીખ | :- | ૦૮/૦૫/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | :- | ૧૨/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | :- | -- |

## -: <u>આરોપીની વિગત</u> :-

| આરોપી નં. | આરોપીના નામ | અટક તારીખ | જામીન મુકત કર્યાની તારીખ | આક્ષેપાયેલ ગુનાની વિગત | નિદોર્ષ / દોર્ષિત | આપવામાં આવેલ સજા | ફા.કા.સં.ની કલમ ૪૨૮ અન્વયે ઇ.કા. ના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જેહુલભાઇ હીતેનભાઇ વસા | બી.એન.એસ.એસ ની કલમ ૩૫(૩) મુજબની નોટીસ આપી મુકત કરેલ છે. | - | ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ. વી. એકટની કલમ ૧૭૭,૧૮૪ | નિદોર્ષ | -- | -- |

## <u>સાક્ષીઓનો પુરાવો</u> :-

## (અ) <u>ફરીયાદ પક્ષ તર્ફે મૌખિક પુરાવા</u> :-

| **ક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| ફ.સા.નં.૧. | કંકુબેન મોહનભાઇ સોનગ્રાની જુબાની | ફરીયાદી | ૦૪ |
| ફ.સા.નં.૨. | મુકુંદ લખમણભાઇ સોનગ્રાની જુબાની | સાહેદ | ૦૮ |
| ફ.સા.નં.૩. | મનીષભાઇ લખમણભાઇ સોનગ્રાની જુબાની | સાહેદ | ૦૯ |
| ફ.સા.નં.૪. | વિમલભાઇ કિશોરભાઇ પરમારની જુબાની | સાહેદ | ૧૦ |
| ફ.સા.નં.૫. | હિતેશ ગોવરધનદાસ વાસુની જુબાની | સાહેદ | ૧૧ |
| ફ.સા.નં.૬. | આનંદ રામઅવતાર શર્માની જુબાની | સાહેદ | ૧૨ |
| ફ.સા.નં.૭. | નટવરભાઇ લાલજીભાઇની જુબાની | તપાસ કરનાર અમલદાર | ૧૪ |

**(બી) <u>આરોપી પક્ષ તર્ફે મૌખિક પુરાવા</u> :-**

| **ક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| - | - | - | - |

**(સી) <u>કોર્ટના સાક્ષી જો હોય તો</u> :-**

| **ક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** | **આંક** |
|---|---|---|---|
| - | - | - | - |

**<u>દસ્તાવેજી પુરાવા</u> :-**

**(અ) <u>ફરીયાદ પક્ષ તર્ફે દસ્તાવેજી પુરાવા</u> :-**

| **ક્રમ** | **આંક** | **પુરાવાનુ વર્ણન** |
|---|---|---|
| ૧. | ૦૫ | ફરીયાદ. |
| ૨. | ૧૫ | બનાવવાળી જગ્યાના પંચનામાની નકલ. |
| ૩. | ૧૬ | ઇન્કવેસ્ટ પંચનામાની નકલ. |
| ૪. | ૧૭ | પોસ્ટમોર્ટમ રીપોર્ટની નકલ. |

| | | |
|---|---|---|
| ૫. | ૧૮, ૧૯ | બંને વાહનોનો એકસીડન્ડ ફોર્મની નકલો. |

**(બી) <u>આરોપી પક્ષ તર્ફે દસ્તાવેજી પુરાવા</u> :-**

| ક્રમ | આંક | પુરાવાનુ વર્ણન |
|---|---|---|
| - | - | - |

**(સી) <u>કોર્ટ તરફથી આંક આપેલ હોય તે દસ્તાવેજી પુરાવા</u> :-**

| ક્રમ | આંક | પુરાવાનુ વર્ણન |
|---|---|---|
| - | - | - |

**(ડી) <u>સામગ્રીની વસ્તુઓ</u> :-**

| ક્રમ | આંક | પુરાવાનુ વર્ણન |
|---|---|---|
| - | - | - |

## -: ચુકાદો :-

**ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત:-**

**૧.** આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૦૮ : ૧૫ વાગ્યાના સુમારે આ કામના ફરીયાદીના મરણ જનાર દીકરો જગદીશ મોહનભાઇ પોતાનુ મોટર સાયકલ નં. GJ-10CQ-3302 વાળુ લઇને જામનગરથી ભાટવડીયા ગામે જતા હોય ત્યારે ખંભાળીયા - જામનગર હાઇવે રોડ, વસઇ ગામ પહેલા, ઓચીડ હોટલની સામે પહોચતા પાછળથી આ કામના આરોપી પોતાના કબજાની કાર નં. GJ-10-BR-7644 પુરઝડપે, બેફીકરાઇથી ચલાવી નીકળી મરણજનારના મોટરસાયકલને પાછળથી હડફટે લઇ અકસ્માત કરી મરણજનારને માથામાં ગંભીર ઇજાઓ કરી સારવાર દરમ્યાન મરણ નિપજાવી આ કામના આરોપીએ ગુનો આચરેલ છે. ઉપરોકત મુજબની

ફરીયાદ ફરીયાદીએ સિક્કા પોલીસ સ્ટેશનમાં નોધવતા સદર ફરીયાદ ગું.ર.નં. ૧૧૨૦૨૦૫૭૨૫૦૨૩૧, તા.૧૫/૦૫/૨૦૨૫ થી નોધણી કરવામાં આવેલ છે. તપાસ કરનાર અમલદારે તપાસ પુર્ણ કરી આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

**<u>કેસની ન્યાયીક કાર્યવાહી</u> :-**

૨. આ કામે તપાસ કરનાર અમલદારશ્રી ધ્વારા ચાર્જશીટ રજુ કરવામાં આવ્યા બાદ ગુનાનુ સંજ્ઞાન લઇ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૨૭(૧) અન્વયે આ કામના આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓના સમન્સ આરોપીને કરવામાં આવેલ છે. સદરહુ પ્રોસેસ આરોપીને બજવતા આરોપી અદાલત સમક્ષ હાજર થયા છે. ત્યારબાદ આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના આરોપીની આંક ૦૩ થી પ્લી નોધવામાં આવતા આરોપી ધ્વારા તેઓ વિરૂધ્ધ આક્ષેપવામાં આવેલ ગુનાનો ઇન્કાર કરવામાં આવતા ફરીયાદ પક્ષ તરર્ફે જરૂરી પુરાવા રજુ કરવા માટે હાલનો કેસ રાખવામાં આવેલ છે.

3. ઉપરોકત મુજબના પુરાવા નોધ્યા બાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા મૌખીક વિનંતીથી તેમનો પુરાવો પુર્ણ થયાનુ જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલ છે. ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા વંચાણે લેતા ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૧ અન્વયે આ કામના આરોપીનુ વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. સદર વિશેષ નિવેદનમાં

આરોપીએ તેઓને પુછવામાં આવેલ સવાલોનો નકારમાં જવાબ આપી આરોપીએ બચાવમાં સાહેદ તપાસેલ નથી કે આરોપીએ જાતે સોગંદ પર જુબાની આપેલ નથી. સદર વિશેષ નિવેદનમાં આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ કોઇ અકસ્માતનો ગુનો કરેલ નથી. તેઓ નિદોર્ષ છે. ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**૪.** ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા તથા આરોપી પક્ષ તર્ફે તેમના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ મૌખીક દલીલો ધ્યાનપુર્વક સાંભળવામાં આવેલ છે.

**૫.** આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા હાલના કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થાય છે.

**(૧)** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપી પોતાના કબજાની કાર નં. GJ-10-BR-7644 પુરઝડપે, બેફીકરાઇથી ચલાવી નીકળી ફરીયાદીના મરણ જનાર દીકરો જગદીશ મોહનભાઇ પોતાનુ મોટર સાયકલ નં. GJ-10CQ-3302 વાળુ લઇને જામનગરથી ભાટવડીયા ગામે જતા હોય ત્યારે ખંભાળીયા - જામનગર હાઇવે રોડ, વસઇ ગામ પહેલા, ઓચીડ હોટલની સામે પહોચતા પાછળથી હડફટે લઇ અકસ્માત કરી આ કામના આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

**(૨)** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપી પોતાના કબજાની કાર નં. GJ-10-BR-7644 પુરઝડપે, બેફીકરાઇથી

ચલાવી નીકળી ફરીયાદીના મરણ જનાર દીકરો જગદીશ મોહનભાઇ પોતાનુ મોટર સાયકલ નં. GJ-10CQ-3302 વાળુ લઇને જામનગરથી ભાટવડીયા ગામે જતા હોય ત્યારે ખંભાળીયા - જામનગર હાઇવે રોડ, વસઇ ગામ પહેલા, ઓચીડ હોટલની સામે પહોચતા પાછળથી હડફટે લઇ અકસ્માત કરી મરણજનારને માથામાં ગંભીર ઇજાઓ કરી તથા ગંભીર ઇજાના કારણે સારવાર દરમ્યાન મુત્યુ નિપજાવી આ કામના આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ આચરેલ છે?

**(૩)** શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના આરોપી પોતાના કબજાની કાર નં. GJ-10-BR-7644 ટ્રાફીકને અનુરૂપ ન ચલાવી નીકળી ફરીયાદીના મરણ જનાર દીકરો જગદીશ મોહનભાઇ પોતાનુ મોટર સાયકલ નં. GJ-10CQ-3302 વાળુ લઇને જામનગરથી ભાટવડીયા ગામે જતા હોય ત્યારે ખંભાળીયા - જામનગર હાઇવે રોડ, વસઇ ગામ પહેલા, ઓચીડ હોટલની સામે પહોચતા પાછળથી હડફટે લઇ અકસ્માત કરી આ કામના આરોપીએ એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

**(૪)** શું હુકમ?

**૬.** ઉપરોકત મુદા અંગે નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

**(૧)** નકારમાં.

**(૨)** નકારમાં.

**(૩)** નકારમાં.

**(૪)** આખરી હુકમ મુજબ.

## -: <u>નિર્ણય માટેના કારણો</u> :-

### <u>મુદા નંબર : ૧ થી ૪ નાઓની સંયુકત ચર્ચા</u> :-

**૭.** મુદા નં. ૧ થી ૪ પરસ્પર સંકળાયેલા હોય પુરાવા તથા કાયદાની ચર્ચાનુ પુનરાવર્તન ટાળવાના હેતુથી મુદા નં. ૧ થી ૪ નાઓની સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

**૮.** ફરીયાદ પક્ષ તર્ફે ફ.સા.નં. ૧ તરીકે આંક ૦૪ થી ફરીયાદી કંકુબેન મોહનભાઇને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૧૫/૦૫/૨૦૨૫ ના રોજ સવારે આશરે પોણા આઠ વાગ્યે તેમનો દિકરો જગદીશ તેમનુ મોટર સાયકલ નં. જીજે-૧૦-ડીકયુ-૩૩૦૨ લઇને ભાટવડીયા ગામે સુરપુરાદાદા છે ત્યાં નિવેદ કરવા જવા માટે નીકળેલ હતા. આશરે સવા આઠ વાગ્યે તેમના ભત્રીજા મનીષભાઇ લખમણભાઇનો તેમને ફોન આવેલ. જેમાં તેમને જણાવેલ કે, જગદીશનુ એકસીડન્ટ થયેલ છે. જેથી તેઓ તરત હોસ્પીટલ જવા નીકળેલ. હોસ્પીટલમાં તેમના દિકરાને ઇમરજન્સી વોર્ડમાં દાખલ કરેલ હતા. તેને માથાના ભાગે ગંભીર ઇજા થયેલી અને બેભાન હતા. મનીષભાઇએ તેમને જણાવેલ કે, વસઇ ગામ પહેલા આવેલ ઓરચીડ હોટલની સામે જગદીશના મોટર સાયકલને પાછળથી આવડી ગાડી જેના રજી. નં. જીજે - ૧૦-બીઆર-૭૬૪૪ ના ચાલકે સ્પીડમાં આવી ઠોકર મારતા તેઓ રોડ પર પડી જતા માથાના ભાગે ઇજા થયેલી. આંક ૦૫ થી ફરીયાદ રજુ કરેલ છે. આ અકસ્માતના બનાવમાં સારવાર દરમ્યાન તેમના દિકરા જગદીશનુ અવશાન થયેલ. સદર ફરીયાદીએ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પુછવામાં આવેલ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે,

બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેમને લખતા વાંચતા આવડતુ નથી. તેઓ અભણ હોય જેથી વાહનનો નંબર તેઓએ લખાવેલ નથી. આમ, સદર ફ.સા.નં. ૧ નાઓની જુબાની લક્ષે લેતા તેમના દીકરાના મોટર સાયકલ સાથે એક કારે અકસ્માત કરેલ હોવાનુ અને સદર અકસ્માતમાં ફરીયાદીના દીકરા જગદીશભાઇને માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર દરમ્યાન મરણ ગયેલ હોવાનુ જણાય છે. સદર ફ.સા.નં. ૧ નાઓની જુબાનીથી અકસ્માત કરનાર કારના ચાલકના નામ કે ઓળખ અંગે કડી પ્રસ્થાપિત થયેલ નથી.

૮.૧ ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૨ તરીકે આંક ૦૮ થી સાહેદ મુકંદ લખમણભાઇ સોનાગ્રાને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, જગદીશભાઇ સોનગ્રા તેમના પિતરાઇ ભાઇ થાય છે. તેઓનુ અકસ્માતમાં અવસાન થયેલ. બનાવના સમયે તેઓ તેમના ઘરે હતા. અજાણ્યા ઇસમે તેમને ફોનમાં જણાવેલ કે, એક વ્યકિતનુ એકસીડન્ટ થયેલ છે. તેઓ તેને હોસ્પીટલે લઇ જાય છે. તમે સીધા હોસ્પીટલે આવો. જેથી તેઓ તરત જી.જી.હોસ્પીટલે પહોચેલા. તેઓ હોસ્પીટલમાં ચાર - પાંચ દિવસ સુધી સારવાર દરમ્યાન કોમામાં રહેલા. ત્યારબાદ તેઓનુ સારવાર દરમ્યાન માથાના ભાગે ઇજા થયેલ હોવાથી અવસાન થયેલુ. તેમને અકસ્માત કેવીરીતે થયો તે જાણવા મળેલ નહી. તેઓનો અકસ્માત એક કાર સાથે થયેલ તેટલી હકીકત તેમને જાણવા મળેલી. જે કાર સાથે અકસ્માત થયેલો તે કારના નંબર તેમને જાણવા મળેલા નહી. સદર સાહેદે આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પુછવામાં આવેલ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. બનાવ અંગે તેમને કોઇ જાત માહીતી નથી. બનાવ કેવીરીતે બનેલો અને કોનાથી થયેલો તે અંગે કોઇ માહીતી નથી. આમ, સદર સાહેદની જુબાનીથી અકસ્માત કરનાર કારના નંબર કે કાર ચાલકની ઓળખ કે નામ અંગે કોઇ

કડી પ્રસ્થાપિત થયેલ નથી.

**૮.૨.** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૩ તરીકે આંક ૦૯ થી સાહેદ મનીષભાઇ લખમણભાઇને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, જગદીશભાઇ મોહનભાઇ સોનગ્રા તેમનો પિતરાઇ ભાઇ થાય છે. તેઓનુ અકસ્માતમાં અવસાન થયેલુ. બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા. તેમને કોઇનો ફાન આવેલ. ફોનમાં જણાવેલ કે, એક વ્યકિતનુ એકસીડન્ટ થયેલ છે. તેઓ તેને હોસ્પીટલે લઇ જઇએ છીએ. તમે સીધા હોસ્પીટલે આવો. જેથી તેઓ જી.જી.હોસ્પીટલે પહોચેલા. તેઓ હોસ્પીટલમાં સાત - આઠ દિવસ સુધી સારવાર દરમ્યાન કોમામાં રહેલા. તેઓનુ સારવાર દરમ્યાન માથાના ભાગે, મોઢા પર તથા પગમાં ઇજા થયેલ હોવાથી અવસાન થયેલુ. તેમને અકસ્માત કેવીરીતે થયો તે જાણવા મળેલ નહી. તેઓનો અકસ્માત કઇ જગ્યાએ અને કોની સાથે થયેલો તે તેમને જાણવા મળેલ નહી. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા સાહેદા જાહેર કર્યા બાદ સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા પુછવામાં આવેલ સુચક સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ રુબરુના નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે, તેઓ જયારે જી.જી.હોસ્પીટલે ગયેલા ત્યાં હાજર વિમલભાઇએ જણાવેલ કે, વસઇ ગામ પહેલા આવેલ ઓરચીડ હોટલની સામે ઘણાબધા માણસો ભેગા થઇ ગયેલ હોય અને ટ્રાફીક થઇ ગયેલ હોવાથી તેઓ ત્યાં જોવા ગયેલ તો આ ભાઇ મોટરસાયકલ સાથે રોડ પર પડેલ હતા. તેમને માથાના ભાગે ગંભીર ઇજા થયેલી હતી. તે વખતે ત્યાં બાજુમાં ઉભેલ એક ઇસમે તેમને જણાવેલ કે, આ ભાઇ પોતાનુ મોટર સાયકલ લઇ રસ્તો ક્રોસ કરવા જતા હતા તે દરમ્યાન તેની આઇ.ટેન કાર સાથે અકસ્માત થયેલાનુ જણાવેલ હતું. સદર સાહેદે આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પુછવામાં આવેલ સવાલોનો હકારમાં જવાબ આપી સ્વીકાર

કરેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. બનાવ અંગે તેમને કોઇ જાત માહીતી નથી. બનાવ કેવીરીતે બનેલો અને કોનાથી થયેલો તે અંગે કોઇ માહિતી નથી. તેઓએ પોલીસને કોઇ નિવેદન આપેલ નથી. આમ, સદર સાહેદની જુબાની લક્ષે લેતા સદર સાહેદ બનાવના પ્રત્યક્ષ સાક્ષી હોવાનુ જણાતુ નથી તથા સદર સાહેદની જુબાનીથી અકસ્માત કરનાર કારના નંબર, કાર ચાલકની ઓળખ કે કાર ચાલકના નામ અંગે કોઇ વિગત પ્રસ્થાપિત થયેલ નથી.

**૮.3.** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૪ તરીકે આંક ૧૦ થી સાહેદ વિમલભાઇ કિશોરભાઇને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, આશરે પાંચ મહીના પહેલા તેઓ જામનગરથી જીવાપર જતા હતા ત્યારે સવારે આશરે સાડા આઠ વાગ્યે જામનગર ખંભાળીયા હાઇવે પર આવેલ ઓરચીડ હોટલની સામે એક અકસ્માત થયેલ હોય ત્યાં એક ભાઇ પડેલ હતા. તેમના ખીસ્સામાંથી ફોન કાઢી તેઓના ઘરનાને બનાવ બાબતે જાણ કરી ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલો હતો. જે ભાઇ ત્યાં પડેલ હતા તેઓને માથાના ભાગે ઇજા થયેલી હતી. આ અકસ્માત કોની સાથે થયેલો, કેવીરીતે થયેલો અને આ ભાઇ પોતે કયા વાહનમાં જતા હતા તે તેમને જાણવા મળેલ નહી. બનાવવાળી જગ્યાએ તેઓએ અકસ્માત કરનાર ઇસમને જોયેલ નહી. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી.ની મૌખીક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી. દ્વારા પુછવામાં આવેલ સુચક પ્રશ્નોથી પણ કોઇ ફળદાયી હકીકત રેકોર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી કે જે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય. આમ, સદર સાહેદની જુબાનીથી અકસ્માત કરનાર કારનો નંબર કે કાર ચાલકની ઓળખ જે નામ અંગે કોઇ વિગત પ્રસ્થાપિત થયેલ નથી.

**૮.૪.** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૫ તરીકે આંક ૧૧ થી સાહેદ હિતેશ

ગોવરધનદાસ વાસુને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, આજરોજ કોર્ટમાં હાજર જેહુલભાઇ તેમની સાથે એસ્સાર કંપનીમાં કામ કરતા હોય તેમને ઓળખે છે. તેઓ એસ્સાર કંપનીમાં તેઓની કંપનીની બસમાં નોકરીએ જાય છે. તેઓ આનંદ રામ અવતાર તથા જેહુલભાઇ સાથે એસ્સાર કંપનીમાં જતા હોય તે સમયે કોઇ અકસ્માત બનેલ હોય તેવુ બનેલ નથી. જેહુલભાઇ વિરૂધ્ધ કોઇ અકસ્માત બાબતે પોલીસ ફરીયાદદ થયેલ હોય તેવુ તેમને જાણવા મળેલ નહી. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી.ની મૌખીક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા પુછવામાં આવેલ સુચક પ્રશ્નોથી પણ કોઇ ફળદાયી હકીકત રેકોર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી કે જે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય. આમ, સદર સાહેદની જુબાની ફરીયાદ પક્ષને લેશમાત્ર મદદરૂપ થાય તેમ નથી.

**૮.૫.** ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૬ તરીકે આંક ૧૨ થી સાહેદ આનંદ રામઅવતાર શર્માને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, આજરોજ કોર્ટમાં હાજર જેહુલભાઇ તેમની સાથે એસ્સાર કંપનીમાં કામ કરતા હોય તેમને ઓળખે છે. તેઓ એસ્સાર કંપનીમાં તેમની કંપનીની બસમાં અથવા તેમની ગાડીમાં નોકરીએ જાય છે. તેઓ, હિતેશભાઇ તથા જેહુલભાઇ એસ્સાર કંપનીમાં જતા હોય તે સમયે કોઇ અકસ્માત બનેલ હોય તેવુ બનેલ નથી. તેઓ જેહુલભાઇ સાથે કોઇ અકસ્માત બાબતે પોલીસ સ્ટેશન ગયેલા. આ અકસ્માત કઇ જગ્યાએ બનેલો અને કયારે બનેલો તેની તેમને ખબર પડેલ નહી. આ અકસ્માત કયા વાહનો વચ્ચે થયેલો અને અકસ્માતમાં કયા વાહન ચાલકો હતા તે તેમને જાણવા મળેલ નહી. તેમની પોલીસે કોઇ પુછપરછ કરેલ નહી. સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી.ની મૌખીક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ સદર સાહેદને વિ.એ.પી.પી.શ્રી. ધ્વારા પુછવામાં આવેલ

સુચક પ્રશ્નોથી પણ કોઇ ફળદાયી હકીકત રેકોર્ડ પર પ્રસ્થાપિત થયેલ નથી કે જે ફરીયાદ પક્ષને મદદરૂપ થાય. આમ, સદર સાહેદની જુબાની ફરીયાદપક્ષને લેશમાત્ર મદદરૂપ થાય તેમ નથી.

૮.૬. ફરીયાદ પક્ષ તર્ફે સાહેદ નં. ૭ તરીકે આંક ૧૪ થી તપાસ કરનાર અમલદાર નટવરભાઇ લાલજીભાઇને તપાસતા તેઓએ તેમના પુરાવાની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓએ તપાસ સંભાળી લઇ બનાવાવાળી જગ્યાનું પંચનામુ બે પંચો રુબરુ કરેલુ. તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદો તથા નજરે જોનાર સાહેદોના નિવેદનો તપાસના કામે મેળવી સામેલ રાખેલ. સારવાર દરમ્યાન ઇજા પામનાર જગદીશભાાઇ મોહનભાઇનુ મરણ થયેલ હોય કલમ ઉમેરા માટે નામદાર કોર્ટમાં રીપોર્ટ આપેલો. મરણ જનારની લાશનુ ઇન્કવેસ્ટ પંચનામુ તપાસના કામે હોસ્પીટલમાંથી મેળવી સામેલ રાખેલ. મરણ જનારનો પોસ્ટમોર્ટમ રીપોર્ટ જી.જી.હોસ્પીટલમાંથી મેળવી તપાસમાં સામેલ રાખેલ. અકસ્માતમાં સંડોવાયેલ બંને વાહનોના એકસીડન્ટ રીપોર્ટ આર.ટી.ઓ કચેરીમાંથી મેળવી તપાસના કામે સામેલ રાખેલ. આંક ૧૫ થી આંક ૧૮ સુધીના દસ્તાવેજો રજુ રાખેલ છે. સદર સાહેદે આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં પુછવામાં આવેલ સવાલનો હકારમાં જવાબ આપી સ્વીકાર કરેલ છે કે, તપાસ દરમ્યાન તેઓએ આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી. આમ, સદર સાહેદ તપાસ કરનાર અમલદાર હોય તેઓએ તેમના હોદાની રૂએ કરેલ કામગીરીને અનુરૂપ જુબાની આપેલ હોવાનુ જણાય છે.

**<u>ફરીયાદ પક્ષે રજુ થયેલ તમામ પુરાવાઓનુ સંયુકત મુલ્યાકન</u> :-**

૯. ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત અને પાયાના સિધ્ધાત મુજબ આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકારહીત રીતે પુરવાર કરવાનો ભાર ફરીયાદ પક્ષે હોય જેથી પુરાવાનો બોજો ફરીયાદ પક્ષના

શીરે રહેલો છે. જો ફરીયાદ પક્ષના કેસમાં કોઇ શંકા ઉપસ્થીત થાય તો શંકાનો લાભ આરોપીની તરફેણમાં રહે છે. પ્રતિપાદિત થયેલ સિધ્ધાત મુજબ ચાલકપક્ષ તરફે ઉપેક્ષાયુકત, ગફલતભરી રીતે તથા પુરઝડપે વાહન ચલાવવાને કારણે અકસ્માત થયેલ હોય તેવુ અનુમાન થઇ શકે નહી. ચાલકપક્ષ તર્ફે ઉપેક્ષાયુકત અને બેદરકારીપુર્વક, પુરઝડપે વાહન ચલાવવાને કારણે અકસ્માત થયેલ હોય તે હકીકત સ્પષ્ટપણે પ્રસ્થાપિત થવી જરૂરી છે. અકસ્માતના ગુનામાં વાહનના ચાલકની ઓળખ બાબતે અનુમાન થઇ શકે નહી. વાહન ચાલકની ઓળખ સ્પષ્ટપણે તથા શંકારહીત રીતે પ્રસ્થાપિત થવી જરૂરી છે. અમુક ચૌકકસ સંખ્યામાં સાક્ષીઓ તપાસવા પડે તેવો કોઇ નિયમ નથી. પુરાવાની ગુણવતા લક્ષે લેવાની રહે છે. ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનુ આરોપી સામે આક્ષેપવામાં આવેલ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના આવશ્યક તત્વોના સંદભે તથા આંક ૦૫ થી રજુ થયેલ ફરીયાદ હકીકતના સંર્દભે મુલ્યાકન કરવુ જરૂરી બને છે.

૧૦. નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા Tejrav Uttamrav Ranit Versus State Of Gujaratના કેસમાં આપવામાં આવેલ ચુકાદો કે જે 2024 (0) AIJEL-HC 247871 પર પ્રસિધ્ધ થયેલ છે તે કેસ ચુકાદામાં ઠરાવેલ છે કે,

11. "Negligence", says the Restatement of the law of Torts published by the American Law Institute (1934) Vol. I. Section 28 "is conduct which falls below the standard established for the protection of others against unreasonable risk of harm". It is stated in Law of Torts by Fleming at page 124 (Australian Publication 1957) that this standard of conduct is ordinarily measured by what the reasonable man of ordinary prudence would do under the circumstances. In Director of Public

Prosecutions v. Camplin (1978) 2 All ER 168 it was observed by Lord Diplock that "the reasonable man" was comparatively late arrival in the laws of provocation. As the law of negligence emerged in the first half of the 19th century it became the anthropomorphic embodiment of the standard of care required by law. In order to objectify the law's abstractions like "care" "reasonableness" or "foreseeability" the man of ordinary prudence was invented as a model of the standard of conduct to which all men are required to conform.

12. In Syed Akbar v. State of Karnataka, (1980) 1 SCC 30 , it was held that "where negligence is an essential ingredient of the offence, the negligence to be established by the prosecution must be culpable or gross and not the negligence merely based upon an error of judgment. As pointed out by Lord Atkin in Andrews v. Director of Public Prosecutions ((1937) (2) All ER 552) simple lack of care such as will constitute civil liability, is not enough; for liability under the criminal law a very high degree of negligence is required to be proved. Probably, of all the epithets that can be applied 'reckless' most nearly covers the case.

13. According to the dictionary meaning 'reckless' means 'careless', 'regardless' or heedless of the possible harmful consequences of one's acts'. It presupposes that if thought was given to the matter by the doer before the act was done, it would have been apparent to him that there was a real risk of its having the relevant harmful consequences; but, granted this, recklessness covers a whole range of states of mind from failing to give any thought at all to whether or not there is any risk of those harmful consequences, to recognizing the existence of the risk and nevertheless deciding to ignore it. In R. v. Briggs (1977) 1 All ER 475 it was observed that a man is reckless in the sense required when he carries out a deliberate act knowing that there

is some risk of damage resulting from the act but nevertheless continues in the performance of that act.

15. The decision of R. v Caldwell (supra) has been cited with approval in R v. Lawrence (1981) 1 All ER 974 and it was observed that : "........Recklessness on the part of the doer of an act does presuppose that there is something in the circumstances that would have drawn the attention of an ordinary prudent individual to the possibility that his act was capable of causing the kind of serious harmful consequences that the section which creates the offence was intended to prevent, and that the risk of those harmful consequences occurring was not so slight that an ordinary prudent individual would feel justified in treating them as negligible. It is only when this is so that the doer of the act is acting 'recklessly' if, before doing the act, he either fails to give any thought to the possibility of there being any such risk or, having recognized that there was such risk, he nevertheless goes on to do it"

14A. Normally, as rightly observed by the High Court charges can be altered at any stage subsequent to the framing of charges. But the case at hand is one where prima facie Section 302 IPC has no application."

14. In Mahadev Prasad Kaushik v State of U P. [(2009)2 SCC (C) 834] the Honble Apex Court in regards to negligence has observed following:-

Though the term negligence has not been defined in the Code, it may be stated that negligence is the omission to do something which a reasonable man, guided upon those considerations which considerations which ordinarily regulate the conduct of human affairs would do, or doing something which a reasonable and prudent man would not do.

15. What could be necessary to prove the negligence and what

are the ingredients of offence have been succinctly mentioned in the judgment of the Honble Apex Court in case of Syad Akbar v State of Karnataka [(1980)1 SCC 30] .

Where negligence is an essential ingredient of the offence, the negligence to be established by the prosecution must be culpable or gross and not the negligence merely based upon an error of judgment. As pointed out by Lord Atkin in Andrews v Director of Public Prosecutions 1937 AC 576 : (1937)2 All ER 552 (HL) 'simple lack of care such as will constitute civil liability, is not enough'; for liability under the criminal law a very high degree of negligence is required to be proved.."

16. In order to prove the offence under Sections 279 and 304A of the IPC, the prosecution is required to prove that the person was negligently driving the motor vehicle with the knowledge of hazard that his driving would result into injury or death of a person.

**૧૧.** ઉપરોકત કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાતો લક્ષે લેતા ભારતીય ન્યાય સહિતા, ૨૦૨૩ ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) મુજબનો ગુનો પુરવાર કરવા માટે બેદરકારીભર્યા ડ્રાઈવીગ માટે વાહનની વધુ પડતી ઝડપ હોય તે પુરતુ નથી. તે એક માત્ર નિર્ણાયક પરીબળ નથી પંરતુ ગતિની ઝડપ ઉપરાંત બેદરકારીભર્યુ બેફામ ડ્રાઇવિગ હોવાનુ પણ પુરવાર થવુ જરૂરી છે. બનાવવાળી જગ્યાના પંચનામાની નકલ, ઇન્કવેસ્ટ પંચનામાની નકલ, પોસ્ટમોર્ટમ રીપોર્ટની નકલ, એકસીડન્ટ રીપોર્ટ ફોમને તપાસ કરનાર અમલદારની જુબાનીમાં રીફર કરી આંક પાડવા અંગે વાંધો ન હોય સદર તમામ દસ્તાવેજોને તપાસ કરનાર અમલદારની જુબાનીમાં રીફર કરી આંક ૧૫ થી આંક ૧૯ સુધીના આપી પુરાવામાં દાખલ કરવામાં આવેલ છે. ઉપરોકત ચર્ચા કરી તે ફરીયાદી તથા સાહેદોના મૌખીક પુરાવા લક્ષે લેતા તથા આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લક્ષે લેતા તા.

૧૫/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૦૮ : ૧૫ વાગ્યાના સુમારે મરણજણાર જગદીશભાઇ મોહનભાઇ તેમના મોટર સાયકલ નં. જીજે-૧૦-સી.કયુ. ૩૩૦૨ લઇને જતા હોય ત્યારે બનાવ સ્થળે એક કાર સાથે અકસ્માત થતા જગદીશભાઇ મોહનભાઇને માથામાં ગંભીર ઇજાઓ થયેલ હોવાનુ જણાય છે તથા સદર ગંભીર ઇજાઓને કારણે સારવાર દરમ્યાન મરણ ગયેલ હોવાનુ જણાય આવે છે. ઉપરોકત ચર્ચા કરી તે ફ.સા.નં. ૧ યાને ફરીયાદીની જુબાની લક્ષે લેતા ફરીયાદી બનાવના પ્રત્યક્ષ સાક્ષી હોવાનુ જણાતુ નથી તથા ફરીયાદીની ઉલટ તપાસ લક્ષે લેતા તેઓ અભણ હોય વાહનનો નંબર તેમને આવડતો ન હોવાનુ સ્વીકાર કરેલ છે. આમ, ફ.સા.નં. ૧ નાઓની જુબાનીથી અકસ્માત કરનાર વાહન ચાલકની ઓળખ કે નામ અંગે કોઇ વિગત પ્રસ્થાપિત થયેલ નથી. ફ.સા.નં. ૨ નાઓની જુબાની લક્ષે લેતા તેઓ પણ બનાવના પ્રત્યક્ષ સાક્ષી હોવાનુ જણાતુ નથી તથા સદર ફ.સા.નં. ૨ નાઓની જુબાનીથી અકસ્માત કરનાર કાર ચાલકની ઓળખ, કાર ચાલકનુ નામ પરત્વે કોઇ વિગત પ્રસ્થાપિત થયેલ નથી. ફ.સા.નં. ૩ નાઓની જુબાની લક્ષે લેતા તેઓ પણ બનાવના પ્રત્યક્ષ સાક્ષી હોવાનુ જણાતુ નથી અને સદર સાહેદની જુબાનીથી અકસ્માત કરનાર કારના ચાલકની ઓળખ કે કાઇ કાર ચાલકના નામ પરત્વે કોઇ વિગત પ્રસ્થાપિત થયેલ નથી. ફ.સા.નં. ૪ તથા ફ.સા.નં. ૫ નાઓની જુબાની ફરીયાદ પક્ષને લેશમાત્ર મદદરૂપ થાય તેમ નથી. અકસ્માતના સ્થળે અકસ્માત બાદ હાજર હોય તે સાહેદ ફ.સા.નં. ૬ આનંદ રામઅવતારની જુબાની લક્ષે લેતા કાર ચાલકની ઓળખ કે કાર ચાલકના નંબર પરત્વે કોઇ વિગત પ્રસ્થાપિત થયેલ નથી. ફ.સા.નં. ૧, ફ.સા.નં. ૨, ફ.સા.નં. ૩, ફ.સા.નં. ૬ નાઓની જુબાની લક્ષે લેતા અકસ્માત કોના ઉપેક્ષાયુકત કુત્યથી થયેલ તે હકીકત પરત્વે કોઇ વિગત પ્રસ્થાપિત થયેલ નથી. ફ.સા.નં. ૨, ફ.સા.નં. ૩ તથા ફ.સા.નં. ૬ નાઓની જુબાનીમાં અકસ્માત કરનાર કહેવાતી કારની ગતિ પરત્વે પણ કોઇ વિગત પ્રસ્થાપિત થયેલ નથી. આંક ૧૫ થી રજુ થયેલ બનાવવાળી

જગ્યાના પંચનામાની નકલ લક્ષે લેતા સ્થાનીક જગ્યાએ કોઇ નિશાન જોવામાં આવેલ ન હોવાનુ કે કોઇ ચીજ વસ્તુ કબજે કરવામાં આવેલ ન હોવાનુ કથન કરવામાં આવેલ છે.

**૧૨.** ઉપરોકત ચર્ચા કરી તે તમામ પુરાવા તથા સંજોગો લક્ષે લેતા પર્યાપ્ત તથા વિશ્સનીય પુરાવાના અભાવે અકસ્માત સમયે અને સ્થળે અકસ્માત કરનાર કારના ચાલક આ કામના આરોપી જ હોય તેવી હકીકત શંકારહીત રીતે પ્રસ્થાપિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે તથા અકસ્માત એક માત્ર કાર ચાલકના ઉપેક્ષાયુકત કુત્ય તથા કાર પુરઝડપે ચલાવવાના કારણે થયેલ હોય તે હકીકત શંકારહીત રીતે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. નામદાર સુપ્રીમ કોર્ટે ધ્વારા દસારી શીવા પ્રસાદ વિ. પબ્લીક પ્રોસીકયુટર, હાઇકોટ ઓફ એ.પી., ૨૦૦૪ (૩) કાઇમ્સ (એ.સી) ૩૧૩ના કેસમાં આપવામાં આવેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, such suspicion cannot be the basis of conviction, going by the standard of proof required in a criminal case. The distance between ‘may be true’ and ‘must be true’ shall be fully covered by reliable evidence adduced by the prosecution. આમ, શંકા ગમે તેવી મજબુત હોય તો પણ તેના ઉપરથી સજા થઇ શકે નહી અને "May be true” અને "Must be true” વચ્ચેનો તફાવત છે. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો તથા આ કામે રજુ થયેલ પુરાવા લક્ષે લેતા તથા ઉપરોકત ચર્ચા કરી તે કેસ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાત લક્ષે લેતા ફરીયાદ પક્ષ સંપુર્ણ ભરોસાપાત્ર (વિશ્વસનીય), શંકારહીત તથા પર્યાપ્ત પુરાવાના અભાવે આ કામના આરોપી સામે આક્ષેપવામાં આવેલ ફરીયાદ હકીકત મુજબનો ગુનો શંકારહીત રીતે પુરવાર કરવામાં સફળ થયેલ ન હોય શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપી **મુદા નંબર (૧) થી (૩)** પરત્વે નિર્ણય **નકારમાં** આપી **મુદા નંબર (૪)** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ**

ફરમાવુ છુ.

## **// આખરી હુકમ //**

**૧.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૭૧(૧) અન્વયે આ કામના આરોપી જેહુલભાઇ હીતેનભાઇ વસા, રહે, ખોડીયાર કોલોની, શ્રી કીષ્ણા એવન્યુ ચીત્રકુટ સોસાયટી, જી. જામનગરનાઓને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(એ), ૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓના આરોપમાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવુ છું.

**૨.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૪૮૧ અન્વયે આ કામના આરોપીને આ હુકમ તારીખથી ૬ માસ સુધીના રૂા.૧૦,૦૦૦/- અંકે રૂપીયા દશ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

આ ચુકાદો આજ તા. ૧૨ માહે : મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જામનગર

તા.૧૨/૦૫/૨૦૨૬ (ભદ્રેશ હસમુખલાલ ગાંધી)

ત્રીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, જામનગર

જજ કોર્ડ નં. જીજે૦૦૯૫૭